# સુમુલમાં ઉમેદવારી માટે લોબિંગ

**ધારાસભ્ય** અને માજી ધારાસભ્યો મેદાનમાં

સુરતઃ સુમુલ ડેરીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની 16 બેઠકો માટે યોજાનારી ચૂંટણીને લઈને ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. જો કે, આચૂંટણી માત્ર સહકારી ક્ષેત્ર પૂરતી મર્યાદિત ન રહી સુરત અને તાપી જિલ્લાના રાજકીય સમીકરણો માટે પણ મહત્વપૂર્ણ બની ગઈ છે.

સુરત અને તાપી જિલ્લાની લોકસભા, વિધાનસભા, જિલ્લા અને તાલુકા પંચાયતની મોટાભાગની બેઠકો અનામત હોવાથી ભાજપના ઉજળિયાત વર્ગના આગેવાનો દ્વારા સુમુલની ચૂંટણીમાં 'નો રિપિટેશન' ફોર્મ્યુલા લાગુ ન કરવા પ્રદેશ ભાજપ પ્રમુખ સમક્ષ રજૂઆત કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. બીજી તરફ પ્રદેશ ભાજપ દ્વારા સુમુલના આગામી ચેરમેન આદિવાસી સમાજમાંથી અને વાઈસ ચેરમેન ઉજળિયાત વર્ગમાંથી બનાવવાની સંભવિત ફોર્મ્યુલા અંગે આગેવાનોને સંકેત આપવામાં આવ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. તેના કારણે આદિવાસી સમાજના દાવેદારોએ મોટી સંખ્યામાં પ્રદેશ ભાજપના નિરીક્ષકો સમક્ષ પોતાની દાવેદારી નોંધાવી છે.

રાજ્યકક્ષાના મંત્રી જયરામભાઈ ગામીતે ઉચ્છલ બેઠક પરથી દાવેદારી નોંધાવી છે, જ્યારે માજી મંત્રી કાંતિભાઈ ગામિત ફરી સોનગઢ બેઠક માટે પ્રયાસ કરી રહ્યા છે.

માજી સાંસદ, માજી ધારાસભ્ય તથા સુમુલના પૂર્વ ચેરમેન માનસિંહ પટેલ મહુવા બેઠક પરથી ફરી મેદાનમાં ઉતરવા માંગે છે. વર્તમાન ધારાસભ્ય અને માજી મંત્રી કુંવરજી હળપતિએ બારડોલી બેઠક પરથી દાવેદારી નોંધાવી છે. વ્યારા બેઠક પરથી ધારાસભ્ય મોહનભાઈ કોંકણી અને ચોર્યાસી બેઠક પરથી ધારાસભ્ય સંદીપ દેસાઈએ પણ પોતાની દાવેદારી રજૂ કરી છે.

તે ઉપરાંત ઓલપાડ બેઠક પરથી માજી ધારાસભ્ય ધનસુખ પટેલ, માંગરોળ બેઠક પરથી જિલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી દીપક વસાવા તથા નિઝર બેઠક પરથી સુરત જિલ્લા સહકારી બેંકના વર્તમાન વાઈસ ચેરમેન સુનિલ શ્રીપત પટેલે પણ ભાજપના મેન્ડેટ માટે પ્રયત્નો તેજ કર્યા છે.

ભાજપ દ્વારા ઉમેદવારોને મેન્ડેટ આપવાની પ્રક્રિયા અંતિમ તબક્કામાં પહોંચતા હવે 23 જૂને કોને ફોન આવે છે તેના પર સહકારી અને રાજકીય વર્તુળોની નજર મંડાઈ છે. ચર્ચા એવી પણ છે કે વયમર્યાદા અને નો રિપિટેશનની ચર્ચાઓ વચ્ચે કેટલાક વરિષ્ઠ દાવેદારોને ટિકિટ નહીં મળે તો તેઓ બળવો કરી કોંગ્રેસ સમર્થિત મતોથી જીતવાનો પ્રયાસ કરી શકે છે.

### મેન્ડેટમાં કપાયેલા ભાજપના ઉમેદવારો પર કોંગ્રેસની નજર

કોંગ્રેસ પણ સુમુલની ચૂંટણીને પ્રતિષ્ઠાનો જંગ માની રહી છે. ગત ચૂંટણીમાં કોંગ્રેસ ત્રણ બેઠકો જીતી હતી. જ્યારે ત્રણ ઉમેદવાર ખૂબ ઓછા માર્જિનથી હાર્યા હતા. વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરી અને પ્રદેશ મહામંત્રી દર્શન નાયક સતત સુરત અને તાપી જિલ્લામાં બેઠકો યોજી રહ્યા છે. કોંગ્રેસ આ વખતે 12થી 14 બેઠકો પર જીત માટે સક્ષમ ઉમેદવારો ઉભા કરવાની રણનીતિ ઘડી રહી હોવાનું રાજકીય સૂત્રો જણાવે છે. સાંઠી વટાવી ગયેલા ભાજપના કેટલાક ઇચ્છુકો ટિકિટ નહીં મળે તો બળવો કરી કોંગ્રેસના સમર્થક વોટથી જીતવાની તૈયારી કરી રહ્યા છે.

## કોસાડ આવાસમાં સગપણની ચર્ચા બાદ કિશોરીનો ફાંસો ખાઈને આપઘાત

સુરતઃ અમરોલી કોસાડ આવાસ વિસ્તારમાં રહેતી 16 વર્ષીય કિશોરીએ ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતાં પરિવારજનોમાં શોક છવાઈ ગયો છે. મળતી માહિતી અનુસાર, મૂળ બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના બોડીયા ગામના વતની અને હાલ અમરોલી કોસાડ આવાસમાં રહેતા દીપકભાઈ ચોખલિયાની 16 વર્ષીય પુત્રી તુલસી સગપણની ચર્ચા આજે સવારે તેમના ઘરમાં ચાલી રહી હતી. ત્યારબાદ બપોરે તે રસોઈ બનાવી રૂમમાં જતી રહી હતી. થોડા સમય બાદ નાનો ભાઈ તેને જમવા માટે બોલાવવા ગયો ત્યારે તેણે ફાંસો ખાઈ લીધો હતો. આ ઘટનાથી સમગ્ર પરિવારના સભ્યો સ્તબ્ધ થઈ ગયા હતા. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

**હજારો લોકોના આરોગ્ય સાથે ખુલ્લો ખેલ**

# મિંઢોળા નદીમાં છોડાતા કેમિકલ મુદ્દે GPCB ગાંધારીની ભૂમિકામાં

**લાખો** રૂપિયાનો ટ્રીટમેન્ટ ખર્ચ બચાવવા રાત્રે નદીમાં છોડાય છે ઝેરી કેમિકલ



સુરતઃ સુરતના સચિન GIDCમાં પર્યાવરણ અને જાહેર આરોગ્ય સામે ચાલી રહેલા એક મોટા 'ઝેરી કૌભાંડ'નો ફરી પર્દાફાશ થયો છે. કેટલાક બેફામ કેમિકલ યુનિટો દ્વારા નિયમોને નેવે મૂકી રાત્રિના અંધકારમાં કેમિકલયુક્ત અને અત્યંત ઝેરી પાણી સીધું જ મિંઢોળા નદી તથા ડ્રેનેજ લાઈનોમાં છોડવામાં આવી રહ્યું હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. કરોડો રૂપિયાનો ધંધો કરતા ઉદ્યોગકારો લાખો રૂપિયાનો ટ્રીટમેન્ટ ખર્ચ બચાવવા માટે સમગ્ર વિસ્તારના લોકોના જીવન સાથે જુગાર રમી રહ્યા હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે.

માહિતી અનુસાર, ઉદ્યોગોમાંથી નીકળતા ઝેરી પ્રવાહીને CETP (કોમન એફ્લુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ) સુધી પહોંચાડવા અને તેની પ્રક્રિયા માટે મોટો ખર્ચ થાય છે. આ ખર્ચ બચાવવા માટે કેટલાક કેમિકલ માફિયાઓ સીધું જ ઝેરી પાણી નદીમાં ઠાલવી રહ્યા છે. આ ઉપરાંત ટેન્કર મારફતે ગેરકાયદેસર રીતે દૂષિત પાણીના નિકાલનું સંગઠિત રેકેટ પણ સક્રિય હોવાની ચર્ચા છે. સૌથી મોટો પ્રશ્ન એ છે કે સચિન GIDCમાં બે મોટા CETP પ્લાન્ટ કાર્યરત હોવા છતાં હજારો લિટર ઝેરી પાણી ટ્રીટમેન્ટ વિના બહાર કેવી રીતે પહોંચી રહ્યું છે? શું ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) અને અન્ય જવાબદાર એજન્સીઓની આંખ આડા કાનની નીતિ પાછળ કોઈ 'અદ્રશ્ય સાંઠગાંઠ'તો જવાબદાર નથી ને? સ્થાનિકોમાં રોષ છે કે જો સામાન્ય નાગરિક કોઈ નાનો કાયદો ભંગ કરે તો તંત્ર તાત્કાલિક કાર્યવાહી કરે છે, પરંતુ હજારો લોકોના આરોગ્ય સાથે ખેલ કરનારા પ્રદૂષણકારો સામે કડક કાર્યવાહી કેમ થતી નથી? શું તંત્ર અને રાજકીય આગેવાનો માટે લોકોનું સ્વાસ્થ્ય ગૌણ અને પ્રદૂષણ માફિયાઓના હિતો મહત્વના બની ગયા છે?

### આ ગામોના લોકો સૌથી વધારે પ્રભાવિત

આ પ્રદૂષણનો સૌથી વધુ ભોગ ગભેણી, તલંગપુર, ઉંબર, શિવનગર અને રામેશ્વર સહિતના ગામોના રહેવાસીઓ બની રહ્યા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ ભૂગર્ભ જળ સંપૂર્ણપણે પ્રદૂષિત થઈ ચૂક્યું છે. પાણીનો રંગ બદલાઈ ગયો છે, તેમાં અસહ્ય દુર્ગંધ આવે છે અને તે પીવાલાયક તો દૂર, ઘરેલુ ઉપયોગ માટે પણ યોગ્ય રહ્યું નથી. વિસ્તારમાં ચામડીના રોગો, શ્વાસની તકલીફો અને કેન્સર જેવા ગંભીર રોગોના કેસોમાં વધારો થતો હોવાના દાવા થઈ રહ્યા છે. પશુધન અને જળચર જીવો માટે પણ આ વિસ્તાર મૃત્યુના કૂવા સમાન બની ગયો છે. છતાં જવાબદાર તંત્રની કામગીરી માત્ર કાગળો સુધી સીમિત હોવાનો આક્ષેપ સ્થાનિકો કરી રહ્યા છે.

### આવનાર સમયમાં પર્યાવરણ પર મોટું જોખમ

સચિન GIDCમાં ચાલી રહેલો આ 'ઝેરનો વેપાર'માત્ર પર્યાવરણ પ્રદૂષણનો મુદ્દો નથી, પરંતુ જાહેર આરોગ્ય સામેનું ગંભીર ષડયંત્ર હોવાનું માનવામાં આવી રહ્યું છે. જો દૂષિત પાણી છોડતા યુનિટોને તાત્કાલિક સીલ કરીને જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં નહીં આવે, તો આવનારા સમયમાં સમગ્ર વિસ્તાર પર્યાવરણીય આપત્તિ તરફ ધકેલાઈ શકે છે.

# કાંઠા સુગરના કૌભાંડીઓ ધારાસભ્ય સાથે દેખાયા

**કોંગ્રેસના** સરકાર અને પોલીસ પર પ્રહાર

સુરતઃ સુરત જિલ્લાના ઓલપાડ સ્થિત કાંઠા વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીમાં થયેલા કરોડો રૂપિયાના કથિત ગેરવહીવટ અને આર્થિક કૌભાંડના મામલે ફરી રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. કેસમાં ચાર્જશીટ દાખલ થયા બાદ પણ મુખ્ય આરોપી તરીકે દર્શાવવામાં આવેલા કિરીટ પટેલ હજુ સુધી પોલીસ પકડથી દૂર હોવાનું કોંગ્રેસે આક્ષેપ કર્યો છે. તાજેતરમાં કિરીટ પટેલ એક જાહેર કાર્યક્રમમાં ધારાસભ્ય સાથે દેખાતા વિવાદ વધુ ઉગ્ર બન્યો છે.

સભાસદ અને કોંગ્રેસના આગેવાન જશવંત પટેલ (શેરડી)એ જણાવ્યું કે કરોડો રૂપિયાના કૌભાંડમાં સંડોવણીના આરોપોનો સામનો કરી રહેલા વ્યક્તિ સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ, પરંતુ આરોપી જાહેરમાં નિર્ભય રીતે ફરતો જોવા મળે છે. આ સ્થિતિથી તપાસની નિષ્પક્ષતા અને પોલીસની કામગીરી અંગે પ્રશ્નો ઊભા થઈ રહ્યા હોવાનું કોંગ્રેસે જણાવ્યું છે.

વિપક્ષે રાજ્ય સરકાર અને પોલીસ તંત્રને આ મામલે જવાબદાર ઠેરવતા જણાવ્યું કે ચાર્જશીટ બાદ પણ જો મુખ્ય આરોપીની ધરપકડ થતી નથી તો સામાન્ય લોકોમાં કાયદા પ્રત્યેનો વિશ્વાસ ડગી શકે છે. આરોપીઓ સામે કડક કાર્યવાહી કરીને તેમને તાત્કાલિક કાયદાની જાળમાં લાવવાની માંગ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે કાંઠા સુગર મંડળીના વહીવટ અને નાણાકીય વ્યવહારો અંગે અગાઉથી જ અનેક પ્રશ્નો ઊભા થયા હતા. ભૂતકાળમાં મંડળીના સંચાલન અને બાકી ચુકવણીઓ અંગે ખેડૂતોમાં પણ અસંતોષ જોવા મળ્યો હતો. કિરીટ પટેલના રાજીનામા બાદ પણ મંડળીના વહીવટને લઈને અનેક ચર્ચાઓ થઈ હતી.

કોંગ્રેસે માંગ કરી છે કે સમગ્ર કૌભાંડની ઉચ્ચ સ્તરીય અને સમયબદ્ધ તપાસ કરાવી તમામ જવાબદારો સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે તેમજ પોલીસ આરોપીઓની વહેલી તકે ધરપકડ કરીને કેસને તાર્કિક અંજામ સુધી પહોંચાડે

# આજે NEET : અફવાઓ રોકવા સાયબર મોનિટરિંગ પણ કરાશે

**ગુજરાતમાંથી** 79 હજારથી વધુ વિદ્યાર્થીઓ એક્ઝામ આપશે

અમદાવાદ : આવતીકાલ તા. 21મી જૂનના રોજ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા દેશભરમાં યોજાનારી NEET UG-2026 પરીક્ષા રાજ્યમાં શાંતિપૂર્ણ, સુરક્ષિત અને પારદર્શક માહોલમાં સંપન્ન થાય તે માટે ગુજરાત પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. પોલીસ તંત્ર, કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ, NTA તથા અન્ય સંબંધિત એજન્સીઓ સાથે સતત સંકલનમાં રહી કામગીરી કરી રહ્યું છે.

રાજ્યના લૉ એન્ડ ઓર્ડર આઈજીપી મકરંદ ચૌહાણે જણાવ્યું હતું કે પરીક્ષા કેન્દ્રો સુધી વિદ્યાર્થીઓ સમયસર અને કોઈપણ અવરોધ વિના પહોંચી શકે તે માટે જરૂરી તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. પરીક્ષાર્થીઓ બસ, રેલવે તેમજ ખાનગી વાહનો દ્વારા પરીક્ષા કેન્દ્રો સુધી પહોંચતા હોવાથી ટ્રાફિક અને સુરક્ષાને ધ્યાનમાં રાખી પૂરતી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

પ્રશ્નપત્રોના ટ્રાન્સપોર્ટેશનથી લઈને પરીક્ષા કેન્દ્રો પર પેપરના વિતરણ અને પરીક્ષા પૂર્ણ થયા બાદ આન્સર શીટ્સના રિવર્સ ટ્રાન્સપોર્ટેશન સુધીની સમગ્ર પ્રક્રિયા માટે કડક સુરક્ષા વ્યવસ્થા અને પ્રોટોકોલ અમલમાં મૂકવામાં આવ્યા છે. પરીક્ષા કેન્દ્રો પર ઉમેદવારોનું યોગ્ય રીતે ચેકિંગ થાય અને તેઓ સમયસર પરીક્ષા હોલમાં પ્રવેશ મેળવી શકે તે માટે પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.

પરીક્ષા દરમિયાન કોઈ પણ પ્રકારની ગેરરીતિ, ડમી ઉમેદવારોની પ્રવૃત્તિ કે અન્ય અનિચ્છનીય બનાવો ન બને તે માટે પોલીસ અને સ્થાનિક તંત્રને ખાસ સતર્ક રહેવા સૂચનાઓ આપવામાં આવી છે. સાથે જ પરીક્ષા સંબંધિત કોઈ ભ્રામક માહિતી, અફવા કે ખોટા સંદેશાઓ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ અથવા મેસેજિંગ એપ્લિકેશન્સ મારફતે પ્રસરે નહીં તે માટે ગુજરાત પોલીસના સાયબર સેન્ટર ઓફ એક્સલન્સ દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવશે.

પોલીસે વિદ્યાર્થીઓ અને વાલીઓને અફવાઓથી દૂર રહેવા, માત્ર સત્તાવાર માહિતી પર વિશ્વાસ રાખવા અને પરીક્ષા પ્રક્રિયામાં સહયોગ આપવા અપીલ કરી છે. રાજ્યભરમાં NEET UG-2026ની પરીક્ષા શાંતિપૂર્ણ અને સુચારુ રીતે પૂર્ણ થાય તે માટે સુરક્ષા તંત્ર સંપૂર્ણ સજ્જ હોવાનું પણ જણાવાયું છે.

મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની દેશની સૌથી મહત્વપૂર્ણ પરીક્ષા NEET-UG 2026ની પુનઃપરીક્ષા (રી-એક્ઝામ) આવતીકાલે દેશભરમાં યોજાઈ રહી છે. ગુજરાતમાંથી 79 હજારથી વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ભાગ લઈ રહ્યા છે. અગાઉ 3 મે, 2026ના રોજ યોજાયેલી પરીક્ષા રદ કરવામાં આવતા નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા આવતીકાલ તા. 21મી જુનના રોજ ફરીથી પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.પરીક્ષાના પારદર્શક અને સુરક્ષિત આયોજન માટે NTA તેમજ રાજ્ય સરકાર દ્વારા વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

# અનલિસ્ટેડ શેર્સ અને ક્રિપ્ટોની કમાણી પર ITની ચાંપતી નજર

**શેર્સ** અને ક્રિપ્ટોની કમાણી જાહેર કરવા ITR ફોર્મમાં એક સ્પેશિયલ અલગ શેડ્યૂલ આપવામાં આવ્યું

સુરતઃ આવકવેરા વિભાગ દ્વારા વિદેશી અસ્કયામતો, અનલિસ્ટેડ શેર્સ અને ક્રિપ્ટોકરન્સી જેવી કમાણીના ડિસ્ક્લોઝર અંગેના નિયમો ખૂબ જ કડક બનાવવામાં આવ્યા છે. કરચોરી રોકવા અને નાણાકીય વ્યવહારોમાં પારદર્શિતા લાવવા માટે સરકાર દ્વારા આ મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. હવે કરદાતાઓએ તેમની આવી અસ્કયામતોની માત્ર ઉપરછલ્લી નહીં, પરંતુ સંપૂર્ણ આંકડાકીય વિગતો આઈટીઆર (ITR) માં આપવી પડશે.

જો કરદાતા કોઈ એવી કંપનીના શેર્સ ધરાવે છે જે શેરબજારમાં લિસ્ટેડ નથી, તો અત્યાર સુધી માત્ર તેની સંખ્યા જણાવવી પૂરતી હતી, પરંતુ નવા નિયમો મુજબ હવે કરદાતાએ કંપનીનું નામ, પાનકાર્ડ નંબર, વર્ષની શરૂઆતનું ઓપનિંગ બેલેન્સ, નાણાકીય વર્ષ દરમિયાન ખરીદેલા કે વેચેલા શેર્સની વાસ્તવિક કિંમત અને વર્ષના અંતે બાકી રહેલું ક્લોઝિંગ બેલેન્સ જેવી વિગતો આપવી ફરજિયાત છે. આ કડક નિયમો પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય શેલ કંપનીઓ દ્વારા થતી કાળા નાણાંની હેરાફેરી અટકાવવાનો છે.

અનલિસ્ટેડ શેર્સ પરના ટેક્સના આંકડા જોઈએ તો, જો શેર્સ 24 મહિનાથી ઓછા સમય માટે રાખવામાં આવ્યા હોય તો શોર્ટ-ટર્મ કેપિટલ ગેઈન્સ (STCG) અંતર્ગત કરદાતાના નિયમિત ટેક્સ સ્લેબ મુજબ ટેક્સ વસૂલાય છે,

### ડિસ્ક્લોઝર માટે રિટર્નમાં અલગ શેડ્યૂલ અપાયું

ડિજિટલ એસેટ્સ અને ક્રિપ્ટોકરન્સીમાંથી થતી કમાણી જાહેર કરવા માટે ફોર્મમાં એક સ્પેશિયલ અલગ શેડ્યૂલ આપવામાં આવ્યું છે. હવે કરદાતાએ ક્રિપ્ટોના દરેક ટ્રાન્ઝેક્શનની તારીખ, તેની ખરીદ કિંમત, વેચાણ કિંમત અને તેના પર કપાયેલા 1% TDS (ટેક્સ ડિડક્ટેડ એટ સોર્સ) ની વિગતવાર માહિતી આપવી જ પડશે. ક્રિપ્ટોકરન્સીમાંથી થતા નફા પર સરકાર સીધો 30% ફ્લેટ ટેક્સ વસૂલે છે, જેમાં કોઈ પણ પ્રકારના ખર્ચની બાદબાકી મળતી નથી. આ ઉપરાંત, એક ક્રિપ્ટોમાં થયેલા નુકસાનને બીજા ક્રિપ્ટોના નફા સામે સરભર (Set-off) કરવાની પણ મનાઈ છે. આ કડક જોગવાઈઓને કારણે હવે ક્રિપ્ટો રોકાણકારો માટે કોઈપણ વ્યવહાર છુપાવવો અશક્ય બનશે અને વિગતો છુપાવનાર કરદાતાઓએ ભારે પેનલ્ટીનો સામનો કરવો પડી શકે છે.

### 300 ટકા દંડ અને જેલની સજાની જોગવાઈ

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પ્રજ્ઞેશ જગાશેઠ કહ્યું કે, જો ITR ફાઇલ કરતી વખતે વિદેશી અસ્કયામતો કે ક્રિપ્ટો-અનલિસ્ટેડ શેર્સની સાચી વિગતો છુપાવવામાં આવે છે તો બ્લેક મની એક્ટ અંતર્ગત ભારે દંડ જે ટેક્સના 300% સુધી હોઈ શકે છે અને જેલની સજાની જોગવાઈ પણ થઈ શકે છે.

### આ વિગતો આપવી ફરજિયાત છે

- કંપનીનું નામ અને પાનકાર્ડ નંબર
- વર્ષની શરૂઆતનું ઓપનિંગ બેલેન્સ
- નાણાકીય વર્ષ દરમિયાન ખરીદેલા કે વેચેલા શેર્સની વાસ્તવિક કિંમત
- વર્ષના અંતે બાકી રહેલું ક્લોઝિંગ બેલેન્સ

# જોડાણ આપવામાં ગુજરાત ગેસની લાલિયાવાડી

**8 મહિનાથી** ચાર્જ ભરી દીધો છતાં સચિનની સોસાયટીમાં લાઇન નંખાઇ નથી : સંદીપ દેસાઇ

**કલેક્ટર** તેજસ પરમારની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક મળી

સુરતઃ જિલ્લા કલેક્ટર તેજસ પરમારના અધ્યક્ષસ્થાને જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. કલેક્ટર તેજસ પરમારે અધિકારીઓને જનપ્રતિનિધિઓ દ્વારા રજૂ કરવામાં આવતા પ્રશ્નોનો માત્ર નિકાલ નહીં, પરંતુ લોકોની સમસ્યાઓનો કાયમી ઉકેલ આવે તે દિશામાં કામગીરી કરવા સૂચના આપી છે. બેઠકમાં ધારાસભ્યો દ્વારા ગુજરાત ગેસની લાલીયાવાડી, ગેરકાયદે બોરિંગ સહિતની ફરિયાદો કરવામાં આવી હતી.

બેઠકમાં વિવિધ ધારાસભ્યો અને જનપ્રતિનિધિઓએ તેમના વિસ્તારોના પ્રશ્નો રજૂ કર્યા હતા. જેમાં ચોર્યાસી ધારાસભ્ય સંદિપ દેસાઈ દ્વારા ગુજરાત ગેસ કંપનીની લાલીયાવાડી સામે કલેક્ટરનું ધ્યાન દોર્યું હતું. ગુજરાત ગેસ કંપની દ્વારા ગ્રાહકોને સમયસર બિલ ન મળવાની ફરિયાદ અંગે કંપનીએ નબળી કામગીરી કરતી એજન્સીઓને બ્લેકલિસ્ટ કરીને નવી એજન્સીને જવાબદારી સોંપી હોવાનું જણાવ્યું હતું.

આ સિવાય ગુજરાત ગેસ દ્વારા ચોર્યાસી તાલુકામાં આવેલા મોહણી ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ગેસ લાઈનના જોડાણ માટે અરજી કરવામાં આવી છતાં જોડાણ કરવામાં આવ્યું નથી. મોહણી ગામમાં જ પાદર ફળિયામાં જોડાણ માટે ફી ભરાઈ ગઈ હોવા છતાં જોડાણ કરવામાં વિલંબ કરવામાં આવે છે. સચીનમાં ગ્લોરીના વેલી સોસાયટીમાં તો 8 મહિનાથી ફી ભરાઈ ગઈ હોવા છતાં જોડાણ કરવામાં આવ્યું નથી. આ હદે ગુજરાત ગેસ કંપની લાલીયાવાડી કરી રહી છે. ધારાસભ્ય સંદીપભાઈ દેસાઈએ ગોડાદરા વિસ્તારમાં પુરવઠા વિભાગની કચેરી શરૂ કરવાની માંગ પણ બેઠકમાં રજૂ કરી હતી. રાજ્ય સરકાર દ્વારા પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવી રહેલા ભીમરાડ ગામમાં થયેલા બિનઅધિકૃત દબાણો અંગે કલેક્ટરે મામલતદારને તાત્કાલિક કાર્યવાહી કરીને દબાણો દૂર કરવાની સૂચના આપી હતી. ધારાસભ્ય મુકેશભાઈ પટેલે ઓલપાડ તાલુકાના સાયણ ગામમાં રહેણાંક માટે મંજૂરી મેળવી કોમર્શિયલ બાંધકામ કરવામાં આવ્યું હોવાનું જણાવી શરતભંગની કાર્યવાહી કરવાની માંગણી કરી હતી.

### ગભેણી-બુડિયા રોડ પર ખુલ્લામાં સિન્થેટિક કચરો સળગાવાય છે

ધારાસભ્ય સંદિપ દેસાઈ દ્વારા ગભેણીથી બુડીયાના રસ્તાની બાજુમાં જમીનોમાં સિન્થેટીક વેસ્ટ કચરાનો સંગ્રહ કરીને સળગાવવામાં આવતા હોવાની ફરિયાદ કરી હતી. જેની સામે કાર્યવાહી કરવાની રજૂઆત કરી હતી. જે સંદર્ભે જીપીસીબીના અધિકારીએ તાજેતરમાં નવા અમલી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના રૂલ્સના આધારે આગામી સમયમાં મનપા સાથે સંકલન કરીને કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાનું કહ્યું હતું.

### ગેરકાયદે બોરિંગ અને પાણીના ટેન્કર માફિયા સામે કાર્યવાહી કેમ નહીં?

જિલ્લા સંકલનની બેઠકમાં ધારાસભ્ય મનુભાઈ પટેલે શહેર અને આસપાસના વિસ્તારોમાં અનેક સ્થળોએ કોઈપણ પ્રકારની મંજૂરી વગર બોરિંગ કરીને ભૂગર્ભ જળ કાઢવામાં આવી રહ્યું હોવાની ફરિયાદ કરી છે. ત્યારબાદ આ પાણી ટેન્કરો મારફતે વિવિધ વિસ્તારોમાં વેચાણ કરવામાં આવે છે. સૌથી ગંભીર બાબત એ છે કે અનેક સ્થળોએ ઘરેલુ વીજ જોડાણ મેળવી તેનો ઉપયોગ ઔદ્યોગિક હેતુઓ માટે કરવામાં આવી રહ્યો હોવાનું પણ સામે આવ્યું છે, જેના કારણે વીજ નિયમોનો ખુલ્લેઆમ ભંગ થઈ રહ્યો છે. અનેક ટેન્કરો ઓવરલોડ અને બેદરકારીપૂર્વક રસ્તાઓ પર દોડતા હોવાથી અકસ્માતનો ભય સતત રહે છે. સાથે જ ટેન્કરોમાંથી પાણી છલકાતા રસ્તાઓને પણ ભારે નુકસાન પહોંચે છે.

## હળપતિ આવાસને લગતા પ્રશ્નો માટે સંયુક્ત કમિટી બનાવાશે

સુરતઃ હળપતિ અને આદિવાસી સમાજના લોકોને વર્ષોથી સતાવતા વારસાઈ, માલિકી હક્ક અને પ્રોપર્ટી સંબંધિત પ્રશ્નોના ઝડપી ઉકેલ માટે રાજ્ય સરકાર સક્રિય બની છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષ સ્થાને સુરત કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી સમીક્ષા બેઠકમાં આ મુદ્દાઓને પ્રાથમિકતા આપવામાં આવી હતી.

બેઠક દરમિયાન ખાસ કરીને હળપતિ અને આદિવાસી પરિવારોને જમીન અને મકાનના માલિકીના દસ્તાવેજો મેળવવામાં આવતી મુશ્કેલીઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. વારસાઈના પ્રશ્નોના કારણે અનેક પરિવારો સરકારી યોજનાઓના લાભથી વંચિત રહેતા હોવાનું ધ્યાનમાં લઈને અધિકારીઓને કાયદાકીય માર્ગદર્શન અને વહીવટી સહાય દ્વારા આવા પ્રશ્નોનું કાયમી નિરાકરણ લાવવા સૂચના આપવામાં આવી હતી. નાયબ મુખ્યમંત્રીએ પ્રોપર્ટી કાર્ડની પ્રક્રિયાને સરળ અને ઝડપી બનાવવાની તાકીદ કરી હતી.

**અનુસંધાન**... પાના છેલ્લાનું

#### ડિમોલિશન કરનાર...

જારી કરેલા વિડીયોમાં જણાવ્યું છે કે, ગત તારીખ 30 મી મેના રોજ સેન્ટ્રલ ઝોનના ઉચ્ચ અધિકારીઓનો કાફલો નાસિરનગર વિસ્તારમાં લાઈનદોરીનો અમલ કરાવવા અને ડિમોલિશનની કામગીરી કરવા માટે યોગ્ય પોલીસ બંદોબસ્ત સાથે સ્થળ પર પહોંચ્યો હતો. આ કામગીરી અંતર્ગત નિયમોનુસાર લાઈનદોરીના અમલીકરણ અને ડિમાર્કેશનની પ્રક્રિયા દરમિયાન જરૂરી ડિમોલિશન પણ કરવામાં આવ્યું હતું.આ સમગ્ર મામલે હવે ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરવામાં આવી હોવાથી આ વિષય પર હાલ વધુ વિચાર-વિમર્શ કે ચર્ચા કરવી ઉચિત નથી. સુરત મનપાને પણ આ પિટિશનમાં પક્ષકાર તરીકે જોડવામાં આવી છે, જેથી આ મામલે જે કંઈ પણ કાયદાકીય પ્રક્રિયા કરવાની રહેશે તે મનપા દ્વારા નિયમોનુસાર કરવામાં આવશે. કોર્ટ સમક્ષ તમામ જરૂરી વિગતો અને પુરાવાઓ રજૂ કરવામાં આવશે અને કોર્ટ દ્વારા જે પણ નિર્ણય આપવામાં આવશે તેનું મનપા સંપૂર્ણ આદર સાથે પાલન કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કમિશનરે જારી કરેલા વિડીયો પહેલા નાસીરનગરનું આ ભુતિયા ડિમોલીશનનો ખુબ વિવાદ ચાલ્યો છે. આ ડિમોલીશનમાં બિલ્ડરો અને મનપા-પોલીસના મેળાપીપળામાં કેલ કરાયો હોવાના આક્ષેપો થયા છે. અને સુરતના સૌથી ચકચારી પ્રકરણમાં હાઈકોર્ટનો પણ પીટીશન પણ કરવામાં આવી છે. કોંગ્રેસે પણ આ પ્રકરણમાં તપાસની માંગણી સાથે આંદોલન કર્યુ છે. કમિશનરે આજે જે રીતે નિવેદન આપ્યું તેમાં નવો વિવાદ એ રીતે ઉભો થયો છે કે, શું મનપાના અધિકારીઓએ આ ડિમોલીશન કર્યુ હતું? તો શા માટે શરૂઆતમાં ઈનકાર કર્યો હતો? શુ કોઈ અધિકારીનું હિત સંકળાયેલું હતું? ઉપરથી દબાણ હતું?

#### તપાસને અંતે જેની જવાબદારીઓ નક્કી થશે તેની સામે પગલાં લેવામાં આવશે

મનપા કમિશનરે જણાવ્યું છે કે, આ ટી.પી રસ્તાઓ ખોલવાની સત્તા મનપાને છે. અને એના અનુસંધાને આ ડિમોલીશન કરાયું હોવુ જોઈએ પરંતુ વધુ મકાનો તુટ્યા હશે તેમને કોઈ ગેરરિતી થઈ હશે તો તે અંગે તપાસ કમિટી જેને જવાબદાર ઠેરવે તેની સામે અમે પગલા લઈશું.

#### નિયત રસ્તા રેખામાં ઓછું અને બહાર વધારે ડિમોલિશન કરાયું છે

કહે છે કે નાસીરનગરમાં જે ડિમોલિશન કરાયું તેમાં રસ્તા રેખા કરતાં બહારના એરિયાના ઝુંપડા અને મકાનો વધુ તોડવામાં આવ્યા છે. નાસીરનગરમાં 40 ફુટની જે રસ્તારેખા હતી તેમાં થોડુંક જ ડિમોલિશન થયું છે. જ્યારે રસ્તા રેખાની બહારના મકાનો પણ તોડી પાડવામાં આવ્યા છે. જેથી આગામી દિવસોમાં હાઈકોર્ટમાં આ મામલે મનપા માટે મુશ્કેલીઓ ઉભી થશે તેમ મનાઈ રહ્યું છે.

#### અધિકારીઓએ...

કારણે અનેક સવાલો ઉભા થયા છે. કમિશનરના કહેવા પ્રમાણે ટી.પી રોડ પર મનપા ડિમોલીશન કરી શકે છે. તો હવે સેન્ટ્રલ ઝોનના અધિકારીઓએ શરૂઆતમાં શા માટે ના પાડી તે તપાસનો વિષય બની રહ્યો છે.

#### પહેલા ઈન્કાર...

સર્જ્યા છે. આ ડિમોલિશનને ભૂતિયામાંથી સ્વૈચ્છિકમાં ફેરવવા માટે બિલ્ડરો દ્વારા વચેટિયાઓને સાથે રાખીને ખેલ પણ શરૂ કરાયો હતો અને દરેક અસરગ્રસ્ત પરિવારને 3-3 લાખ રૂપિયાની ઓફરો પણ કરવામાં આવી રહી હતી. એવું મનાતું હતું કે બિલ્ડરો અસરગ્રસ્તો પાસે જ આ ડિમોલિશનને સ્વૈચ્છિક જાહેર કરાવશે પરંતુ હવે મનપા દ્વારા ડિમોલિશન તેણે કર્યાની સ્પષ્ટતા અસરગ્રસ્તોને માટે આવાસોની ફાળવણી સુધી જશે તેવું મનાઈ રહ્યું છે. કહે છે કે જે રીતે હાઈકોર્ટમાં મામલો લઈ જવામાં આવ્યો તેમાં જો મનપા ડિમોલિશન મામલે ખુલાસા નહીં કરે તો ફસાઈ જાય તેમ હોવાથી આખરે મનપાએ ડિમોલિશન પોતે જ કર્યાનું જણાવવું પડી રહ્યું છે. હવે આ મામલો હાઈકોર્ટમાં શું રંગ લાવે છે તે જોવું રહ્યું

#### ઘોડદોડ રોડ...

હતો. આ દરમિયાન ચંદનકુમારે આટલી મોટી રકમ આપવાની ના પાડતા બદમાશોએ તેને ઢોર માર માર્યો હતો અને તેની પાસે રહેલા રોકડા રૂ.૪૫૦૦ લૂંટી લીધા હતા.

ચોર ટોળકીને યુવક પાસે વધુ રકમ ન હોવાની ખબર પડતા, તેમણે ચંદનકુમારને કારમાંથી ઉતારી મૂક્યો હતો. જતાં-જતાં બદમાશોએ ધમકી આપી હતી કે જો પોલીસને જાણ કરી તો બંદૂકની ગોળી મારી જાનથી મારી નાખીશું. આ ઘટનાથી ગભરાઈ ગયેલા ચંદનકુમારે આખરે હિંમત ભેગી કરી ઉમરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો દાખલ કરી જોલી શોપિંગ પોઈન્ટ અને ઈન્ડોર સ્ટેડિયમ રોડના સીસીટીવી (CCTV) ફૂટેજ તેમજ શંકાસ્પદ મહિન્દ્રા અને સ્કોડા કારના નંબરો મેળવી નકલી પોલીસ બનીને લૂંટ ચલાવતી આ ગેંગને ઝડપી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

#### 'કરીનૈનશા'...

આધારે તા.7/6/2023ના રોજ વસ્તીખંડાલી ગામની પ્રાથમિક શાળામાં મંતાશાબાનુનું એડમિશન કરવામાં આવ્યું હતું. ફરિયાદીનું કહેવું છે કે, જન્મ પ્રમાણપત્ર ખોટું છે તેમ જાણવા છતાં પણ તેને સાચું ઠેરવી શાળામાં રજૂ કરવામાં આવ્યું છે. આ કૃત્ય બદલ વાગરા પોલીસે ઐયુબશા મહેબુબશા દિવાન સામે ખોટા દસ્તાવેજને સાચા તરીકે ઉપયોગમાં લઈ શાળામાં એડમિશન લેવા બદલ ગુનો નોંધ્યો છે. આ કેસની તપાસ PI શક્તિસિંહ ગોહિલ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

#### ઘોડદોડના શો...

લાખથી વધુના કિંમતી સામાનની ચોરી કરી રફુચક્કર થઇ ગઇ હતી

ભેસ્તાન વિસ્તારમાં સપન સૃષ્ટિ રેસિડેન્સીમાં રહેતા શિવપ્રતાપ સિંહ (ઉ.વ.૩૮) ઘોડદોડ રોડ રામચોક પાસે આવેલા ક્રોસવે મોલના ગ્રાઉન્ડ ફ્લોર પર સ્થિત ક્રોમા શો-રૂમમાં ફરજ બજાવે છે. ગત ૧૯મી જૂનની મોડી રાત્રે જ્યારે શો-રૂમ બંધ હતો, ત્યારે તસ્કરોએ શો-રૂમના મેઈન ગેટનો કાચ તોડી નાંખ્યો હતો અને ચોરીને અંજામ આપ્યો હતો. આ હાઈપ્રોફાઈલ ચોરીની માહિતી મળતા જ ઉમરા પોલીસ સ્ટેશનનો કાફલો ઉચ્ચ અધિકારીઓ સાથે ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે શિવપ્રતાપ સિંહની ફરિયાદના આધારે અજાણ્યા તસ્કરો વિરૂદ્ધ ચોરીનો ગુનો દાખલ કર્યો છે. મોલના અને શો-રૂમની અંદર-બહાર લાગેલા સીસીટીવી (CCTV) કેમેરાના ફૂટેજ મેળવી ચોરો કયા રૂટ પરથી આવ્યા હતા અને ચોરી કર્યા બાદ કઈ તરફ ભાગ્યા છે, તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

#### દુકાનમાં પડેલું...

(FSL) તપાસ માટે મોકલી આપ્યા છે. સીસીટીવી ફૂટેજમાં દેખાતા બાઈક સવાર તસ્કરને ઝડપી પાડવા માટે પોલીસે અલગ-અલગ ટીમો બનાવીને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે, જેમાં આ લોહીના નમૂના વૈજ્ઞાનિક પુરાવા તરીકે આરોપી સુધી પહોંચવામાં કડીરૂપ સાબિત થશે.

#### ઘોડદોડ ચોકીથી...

અવરજવરવાળા વિસ્તારમાં, વહેલી સવારે ૩ થી ૪:૧૫ વાગ્યા સુધી (આશરે સવા કલાક) એક અજ્ઞાત તસ્કર આરામથી પથ્થર વડે કાચ તોડીને અંદર ઘૂસે છે અને ૧૧.૩૩ લાખની મત્તા ચોરીને બાઈક પર રફુચક્કર થઈ જાય છે. પોલીસ પેટ્રોલિંગના દાવાઓ વચ્ચે ચોકીની સાવ નજીક બનેલી આ ઘટનાએ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે અનેક સવાલો ઉભા કર્યા છે.

## વરાછાના વિપુલ ભાદાણીની આગોતરા જામીન અરજી ફગાવાઈ

સુરતઃ જમીન સંબંધિત દસ્તાવેજો તૈયાર કરવાના બહાને ઠગાઈ આચરવાના પ્રકરણમાં વિપુલ મનસુખ ભાદાણીની આગોતરા જામીન અરજી સેશન્સ કોર્ટે નામંજૂર કરી હતી. તેની સામે આરોપ હતો છે કે, વર્ષ-2022માં જમીન સંબંધિત દસ્તાવેજો તૈયાર કરવાના હેતુથી ફરિયાદી કામરેજના વેપારીના દસ્તાવેજો મેળવી તેમના નામે બેંક ખાતા ખોલીને દસ્તાવેજોનો દુરુપયોગ કર્યો હતો અને ત્યારબાદ વ્યક્તિગત લાભ માટે બેંક ખાતા દ્વારા આશરે રૂ.5 કરોડના વ્યવહારો કરવામાં આવ્યા હતા. આ ગુનામાં પોલીસ ધરપકડથી બચવા માટે વિપુલે આગોતરા જામીન અરજી કરી હતી. સરકારી વકીલ એન.કે. ગોલવાળા અને મૂળ ફરિયાદીના વકીલ નિલેશ વઘાસિયાએ જામીન અરજીનો વિરોધ કર્યો હતો.